## પાલનપુરના તબીબે બિલના નાણાં વગર મૃતદેહ આપવાનો ઇન્કાર કર્યો હોવાનો પરિવારજનોનો આક્ષેપ

પાલનપુર, તા.૧૮

લાખણી નાપેપળુ ગામના અકસ્માતગ્રસ્ત અનારજી શકરાજી ઠાકોરનું પાલનપુરની ખાનગી હોસ્પિટલમાં મોત થયા બાદ પરિવારજનોએ બિલના ૧.૩૦ લાખ આપતાં તબીબે મૃતદેહ આપવાનો ઈન્કાર કરતાં પોલીસ બોલાવતાં પોલીસની મદદથી મૃતદેહ લેતાં મામલો શાંત થયો હતો. પાલનપુરના તબીબ ધર્મેશ પ્રજાપતિએ બિલના નાણાં ચૂકવ્યા વગર મૃતદેહ આપવાનો ઈન્કાર કરી દીધો હોવાનો મૃતકના પરિવારજનોએ આક્ષેપ કર્યો હતો. તો બીજી બાજુ તબીબે પોતાના પર થયેલા આક્ષેપો નકારી કાઢ્યા હતા પરંતુ મૃતકના સગાએ જણાવ્યું હતુ કે અકસ્માત ગ્રસ્ત અનારજી ઠાકોર અકસ્માત નડતાં પાલનપુરના તબીબ ધર્મેશ પ્રજાપતિને ત્યાં દાખલ કર્યો હતો. પહેલા રૂપિયા ૨૫૦૦૦ની ડિપોજીટ જમા કરાવી હતી. જે પછી જેમ - જેમ દવાઓ થઈ તેના નાણાં પણ ચૂકવ્યા હતા. જો કે, ભાઈનું મોત થયા બાદ રૂપિયા ૧.૩૦ લાખ આપો તો મૃતદેહ આપવાનું કહેતા આખરે અમે પોલીસ બોલાવી મૃતદેહ મેળવ્યો હતો.

# પાલનપુર રેલવે કોરિડોર સામે સ્ટે મેળવતા અસરગ્રસ્ત ખેડૂતો

પાલનપુર મા રેલ્વે કોરીડોર પ્રોજેક્ટ અંતર્ગત જમીન સંપાદન માટે આવેલા રેલવે અધિકારીઓ સામે સ્થાનિક લોકોએ તાજેતરમાં ભારે હોબાળો મચાવ્યો હતો. દરમિયાન, અસરગ્રસ્તોએ આ મુદ્દે હાઈકોર્ટનો સ્ટે મેળવ્યો હોવાના અહેવાલ સાંપડ્યા છે.

પાલનપુર તાલુકા મા રેલ્વે કોરીડોર પ્રોજેક્ટ નુ કામ જોરશોરથી ચાલી રહ્યુ છે ત્યારે આ પ્રોજેક્ટ અંતર્ગત પાલનપુર તાલુકાના આકેસણ, શદરપુર, પાલનપુર સહિત ૧૬૨ ખેડૂતો ની જમીન સંપાદન કરવા મા આવી છે. આ મામલો કોર્ટ મા ચાલી રહ્યો હોવા છતાં રેલ્વે અધિકારીઓ દ્વારા ઉભા પાક પર જે.સી.બી.ફેરવી ખેડૂતોની જમીન સંપાદન કરવાની કાર્યવાહી હાથ ધરતા ખેડુતો અને રેલ્વે અધિકારી સામ સામે આવી ગયા હતા.

દરમિયાન, આજે મળેલા અહેવાલ પ્રમાણે અસરગ્રસ્ત ખેડૂતોને હાઈકોર્ટમાંથી સ્ટે મળી ગયો છે. જેથી રેલવેની જોહુકમીનો અંત આવ્યો છે. હવે, હાઈકોર્ટના ચુકાદા બાદ જ રેલવે કોરિડોરનો પ્રોજેક્ટ આગળ વધશે. જેથી હાલ પૂરતું ખેડૂતોને જીવતદાન મળી જતા અસરગ્રસ્તોએ હાશકારો અનુભવ્યો હતો.

જોકે, મામલો હાઈકોર્ટમાં પહોંચ્યો છે. ત્યારે પાલનપુર તાલુકાના ખેડૂતો ના વિરોધ સામે સરકાર કેવી નીતિ અપનાવશે તેતો આવનારો સમય બતાવશે.



## દીકરીની દુર્દશા

એકબાજુ સરકાર બેટી બચાવો-બેટી પઢાવોની ગુલબાંગો વચ્ચે દીકરી જન્મના વધામણાંના અભિયાન ચલાવી રહી છે. ત્યારે બીજી બાજુ કેન્દ્રીય મંત્રીએ દત્તક લીધેલા પાંથાવાડા ગામમાં માત્ર દીકરી હોવાના નાતે એક બાળકીનું જીવન નર્કાગાર બન્યું હોવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે.

દીકરા અને દીકરીને સમાન માનવાનો દંભ કરતા સભ્ય સમાજ માટે શરમજનક ઘટના પ્રકાશમા આવી છે. જી..હા..., કેન્દ્રીય લઘુ ઉદ્યોગ મંત્રી હરિભાઈ ચૌધરીએ દત્તક લીધેલા પાંથવાડા ગામની આ શર્મશાર કરતી ઘટનાની ભીતરી વિગત જોઈએ તો...પાંથાવાડા ગામના પોપટભાઈ સવાજી ભાટને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. દીકરાને નાની સરખી ઈજા થતા દવાખાને દોડી જતા પિતા તેમની અપંગ પુત્રી પરત્વે ઓરમાયું વર્તન દાખવી રહ્યા છે.

પોતાની ૧૨ વર્ષીય દીકરી વિમલા બેન ભાટ કે જે એક પગે અપંગ છે. જેને થોડાક સમય અગાઉ બીજા પગે કંઈક વાગ્યું હતું. પરંતુ દીકરી તો પાપનો ભારો સમજતા આ નિષ્ઠુર બાપે દરકાર ન લેતા તેના પગમાં સડો લાગતા જીવાત પડી ગઈ હતી. ત્યારે દોજખભરી યાતનામય જિંદગી જીવતી બાળકીને ખુદ સગો બાપ અનાથ આશ્રમમાં મુકવા તૈયાર થયો હતો. જેની જાણ થતા ગામના કેટલાક સેવાભાવી યુવાનોનું હૃદય દ્રવી ઉઠ્યું હતું. તેઓએ આ બાળકીની સારવાર કરાવવાનો નીર્ધાર કર્યો. અને દુઃખથી કણસતી બાળકીને સારવાર અર્થે પાલનપુર ખસેડી તેના સારવારનો તમામ ખરચ ઉપાડી લીધો.

હાલ તો બાળકીનો બીજો પગ પણ કાપવાની નોબત આવી છે. પરંતુ આ અપંગ બાળકી પાસે અપંગતાનું પ્રમાણપત્ર પણ નથી. આ દોજખભરી પરિસ્થિતિમાં પોતાના પરિવારની ઉપેક્ષાનો ભોગ બનેલી આ માસુમ દીકરીની આજદિન સુધી આરોગ્ય તંત્ર કે શિક્ષણ વિભાગે પણ દરકાર નથી લીધી. જે બતાવે છે કે આજે પણ સમાજમાં દીકરી હોવું કેટલો મોટો ગુનો ગણાય છે.



## ધાનેરામાં બે વર્ષ અગાઉ લાખોના ખર્ચે બનાવેલ પીક અપ સ્ટેન્ડ બન્યું ખંડેર

એક દાતા દ્વારા લખો રૂપિયાનું દાન આપી મુસાફરોને તકલીફ ન પડે તે માટે ધાનેરા તાલુકા પંચાયતની બાજુમાં એક પીકઅપ સ્ટેન્ડ બનાવવામાં આવ્યું ધાનેરા નગર પાલિકાના સત્તાધીશો દ્વારા આ પીકઅપ સ્ટેન્ડનું લોકર્પણ પણ કરવામાં આવ્યું હતું. પરંતુ અત્યારે જો આ પીકઅપ સ્ટેન્ડ પણ જોવામાં આવે તો જ્યાં જુઓ ત્યાં ગંદકી જ જોવા મળી રહી છે અને ગંદકીના લીધે લોકો પણ આ પીકઅપ સ્ટેન્ડ નો ઉપયોગ કરવાની ટાળે છે માટે જો એમ કહેવામાં આવે કે ધાનેરામાં દાતાએ આપેલ લાખો રૂપિયાનું દાન એળે જાય છે તો આ વાત ને પણ નકારી શકતી નથી.

## પાલનપુરના સદભાવના ગ્રુપે દશ હજાર વિદ્યાર્થીઓને ડ્રાઈવીંગ લાઈસન્સ અપાવ્યા

પાલનપુર, તા.૧૮

કાયદાના પાલન સાથે વિદ્યાર્થીઓ વાહન ચલાવે એવા હેતુથી બે વર્ષથી વિદ્યાર્થીઓ માટે ખાસ આર.ટી.ઓ કચેરી પાલનપુર મુકામે વિદ્યાર્થી ડ્રાઈવીંગ લાઈસન્સના કેમ્પ સદભાવના ગ્રુપ દ્વારા આરટીઓ વિભાગ અને જીલ્લા પોલીસ વિભાગના સહયોગથી ખાસ વિદ્યાર્થી ડ્રાઈવીંગ લાઈસન્સના કેમ્પો દર શનિવારે અને બુધવારે વિદ્યાર્થીઓનો અભ્યાસનો સમય ના બગડે અને એમને કોઈ ખોટા ખર્ચ ના ભોગ ના બનવું પડે એ રીતે સવારે ૮:૦૦ થી ૧૧:૦૦ સુધી ચલાવવામાં આવે છે.

તા. ૧૭/૧૨/૨૦૧૬ ના રોજ સદભાવના ગ્રુપે પોતાનું લક્ષાંક પૂર્ણ કરતા બે વર્ષમાં કુલ ૬૭ કેમ્પો કરી બનાસકાંઠા જીલ્લાના કુલ ૧૦૦૦૦(દશ હજાર) વિદ્યાર્થીઓને ડ્રાઈવીંગ લાઈસન્સ અપાવવા ની સિદ્ધિ હાંસલ કરી છે. અને દરેક વિદ્યાર્થીને ડ્રાઈવીંગ લાઈસન્સ આપ્યા બાદ એમની પાસેથી ખાત્રી લેવામાં આવે છે કે અમે ડ્રાઈવીંગ લાઈસન્સ પ્રાપ્ત કર્યા બાદ સંપૂર્ણ રીતે કાયદાના પાલન સાથે વાહન ચલાવીશું.



સતત ઘરકામમાં વ્યસ્ત રહેતી મહિલાઓને આનંદ અને મનોરંજન સાથે કંઈક નવું શીખવા મળે તેવા ઉદ્દેશ સાથે પાલનપુર મહેશ્વરી મહિલા મંડળ દ્વારા વર્ષ દરમિયાન વિવિધ પ્રવૃતિઓ કરવામાં આવે છે. આજે પાલનપુર મહેશ્વરી સમાજના હોલ ખાતે મહેશ્વરી સમાજની મહિલા દ્વારા વિવિધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહેશ્વરી સમાજની મોટી સંખ્યામાં મહિલાઓએ વિવિધ હરીફાઈમાં ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં રંગોળી, પૂજા કી થાળી તેમજ ગેસ વગર કઈ રીતે સ્વાદિષ્ટ વાનગી તૈયાર કરી શકાય તેવી વિવિધ સ્પર્ધા યોજાઈ હતી. પાલનપુર મહેશ્વરી મહિલા મંડળ દ્વારા વર્ષ દરમિયાન મહિલા શક્તિ ઉજાગર કરતી જુદી જુદી પ્રવૃત્તિ કરવામાં આવે છે આજે મહેશ્વરી સમાજની મહિલાઓએ હરીફાઈમાં ભાગ લઈ પોતાનામાં રહેલું ખાસ ટેલેન્ટને ઉજાગર કર્યું હતું. આ પ્રસંગે પાલનપુર મહેશ્વરી મહિલા સમાજના મીનુ મહેશ્વરી સહીત મહેશ્વરી સમાજની મહિલાઓ વિશાળ સંખ્યામાં હાજર રહી હતી.

## મહેસાણામાં ચાઈનીઝ દોરી કે ટુક્કલ વેચાણ કે સંગ્રહ પર પ્રતિબંધ

મહેસાણા, તા. ૧૮

મહેસાણા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ રમેશ મેરજાએ જિલ્લામાં જાનમાલ કે સંપત્તિનું નુકશાન ન થાય તે માટે ઉત્તરાયણ નિમિત્તે વિશેષ પ્રતિબંધ કર્યો છે. જેમાં ચાઈનીઝ દોરી, સિન્થેટીક દોરી, તિક્ષ્ણ મોજા દોરી, ગુબ્બારા (ટુક્કલ) રોકેટનો ઉપયોગ કરવા કે તે હેતુથી વેચાણ કે સંગ્રહ કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. જિલ્લાના તમામ વિસ્તારમાં ઉત્તરાયણના તહેવારને અનુલક્ષીને જાહેરનામુ ૧૭ ડિસેમ્બરથી ૩૧ જાન્યુઆરી ૨૦૧૭ સુધી પ્રતિબંધ ફરમાવ્યો છે. આ જાહેરનામાનો ભંગ કરનાર સામે પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩૫(૧) તથા ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ના પ્રકરણ ૧૦ની કલમ ૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે તેમ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ રમેશ મેરજાએ જણાવ્યું હતુ.

## મહેસાણામાં વિવિધ સ્થળોએ રવિવારે ખેડૂત શાકભાજી બજારનું આયોજન

મહેસાણા જિલ્લા કલેક્ટર આલોક કુમારના માર્ગદર્શનથી ખેડૂત ગ્રાહક બજાર યોજના હેઠળ મહેસાણા જિલ્લાના ખેડૂતોને શાકભાજીના પોષણક્ષમ ભાવ મળી રહે તથા લોકોને વ્યાજબી ભાવે શાકભાજી મળે તે હેતુથી જિલ્લામાં હંગામી ખેડૂત ગ્રાહક શાકભાજી બજારનુંઆયોજન કરવામાં આવેલ છે. મહેસાણા જિલ્લામાં ૧૮ ડિસેમ્બર ૨૦૧૬ને રવિવારે સવારે ૮ કલાકથી સાંજે ૪ કલાક સુધી ખેડૂત ગ્રાહક શાકભાજી બજારનું આયોજન કરાયું છે. મહેસાણામાં મ્યુનિસિપલ ગ્રાઉન્ડ અને મુખ્ય માર્કેટયાર્ડ, વિસનગરમાં જી.ડી. હાઈસ્કૂલ સામે ધર્મશાળા, વિજાપુરમાં શાકભાજી સબયાર્ડ વિજાપુર, નગરપાલિકા સંચાલિત શાકભાજી માર્કેટ યાર્ડ જુની નગરપાલિકા સામે અને સિવિલ કોર્ટ સામે, કડી ખાતે લાલ હાટડી દેત્રોજ રોડ, ગંજ બજાર, બજાર ખાતે ગ્રાહક બજાર યોજાનું આયોજન કરેલ છે.

# રાજ્યમાં ઠંડીનો ચમકારો નલિયામાં ૧૦.૮ ડિગ્રી

### અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ઘટી ૧૩.૫ : તાપમાનમાં ફેરફારના લીધે બાળકો અને મોટી વયના લોકો પરેશાન

અમદાવાદ, તા.૧૮

ગુજરાતના જુદા જુદા ભાગોમાં ઠંડીના પ્રમાણમાં ફરી એકવાર વધારો થયો છે. નલિયામાં પારો ગગડીને ૧૦.૮ ડિગ્રી સુધી નીચે પહોંચી ગયો છે જેથી નલિયામાં સૌથી વધારે ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. બીજી બાજુ અમદાવાદ શહેરમાં પણ શનિવારની સરખામણીમાં આજે પારો ઘટીને લઘુત્તમ તાપમાનમાં ૧૩.૫ ડિગ્રી રહ્યું હતું. ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં લઘુત્તમ તાપમાન ૧૫.૪ ડિગ્રી નોંધાયું છે. રાજ્યના અમદાવાદ, ડિસા, ગાંધીનગર અને વડોદરા, વલસાડમાં પારો ૧૪થી નીચે રહ્યો છે. જો કે ડિસેમ્બર મહિનાના ૧૫ દિવસથી વધુનો સમય હોવા છતાં તીવ્ર ઠંડીનો અનુભવ હજુ સુધી ન થતાં આની ચર્ચા જોવા મળી રહી છે. અમદાવાદ માટે સ્થાનિક આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે, આવતીકાલે લઘુત્તમ તાપમાનમાં આંશિક ઘટાડો થઈ શકે છે. બેવડી સિઝનનો અનુભવ લોકો કરી રહ્યા છે. મોડી સાંજે પણ ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. દરમિયાન વર્તમાન સિઝનમાં નિષ્ણાત તબીબો દ્વારા ખાસ કરીને બાળકોને સાવધાન રહેવાની સલાહ આપવામાં આવી રહી છે. ફુડ પોઈઝનીંગના કેસ પણ આ સિઝનમાં વારંવાર જોવા મળે છે.ઠંડીના કારણે લોકો હવે સાવધાન થઈ ગયા છે. કારણ કે વહેલી સવારે અને મોડી સાંજે ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. અમદાવાદ શહેરની સાથે સાથે રાજ્યના જુદા જુદા ભાગોમાં હાલમાં ફરી એકવાર બેવડી સિઝનનો અનુભવ થઈ રહ્યો છે. સાંજે ઠંડા પવન પણ ફૂંકાયા હતા. સૌરાષ્ટ્ર અને કચ્છના જુદા જુદા ભાગોમાં ઠંડીનો ચમકારો જોવા મળ્યો હતો. અમદાવાદ શહેરમાં પણ લોકોએ સવારમાં ઠંડીનો અનુભવ કર્યો હતો. સવારમાં ઠંડી અને બપોરના ગાળામાં ગરમીનો અનુભવ હજુ પણ થઈ રહ્યો છે. આવી સ્થિતિમાં ઈન્ફેકશન અને પેટના દુખાવાની ફરિયાદો જોવા મળી રહી છે. જાણકાર લોકો માને છે કે, તાપમાનમાં સતત ફેરફારના લીધે લોકોની હાલત કફોડી બનેલી છે. નાના બાળકો બિમારીના સંકજામાં આવી રહ્યા છે.

## ભાજપનું સૂચન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

નેગેટિવ અભિપ્રાય તરીકે જોવાની ભુલ કરવી જોઈએ નહીં. વિપક્ષી પાર્ટી ઉપર પ્રહાર કરતા ભાજપે કહ્યું હતું કે, કોંગ્રેસ નવા આર્મી ચીફની નિમણૂંકને રાજકીય રંગ આપવાના પ્રયાસ કરી રહી છે. કારણ કે, સતત રાજકીય હારથી તે પરેશાન થયેલી પાર્ટી છે. વરિષ્ઠતાના ક્રમને નજરઅંદાજ કરીને રાવતની પસંદગી કરવાને લઈને ભાજપ ઉપર પ્રહારો કરવામાં આવી રહ્યા હતા. ભાજપના રાષ્ટ્રીય સેક્રેટરી શ્રીકાંત શર્માએ કહ્યું છે કે, તમામ સક્ષમ અધિકારી હતી પરંતુ વર્તમાન સુરક્ષા પાસાઓને ધ્યાનમાં લઈને સરકારે રાવતને સૌથી યોગ્ય ઉમેદવાર તરીકે ગણ્યા છે. તમામ રાજકીય પક્ષોને અમારી અપીલ છે કે, આ નિમણૂંકને રાજકીય રંગ આપવાના પ્રયાસ કરવામાં ન આવે. શ્રીકાંત શર્માએ કહ્યું હતું કે, જો કોઈ રાજકીય પક્ષે લોકશાહી મુલ્યોને સૌથી વધારે નુકસાન પહોંચાડ્યું છે તો તે પાર્ટી કોંગ્રેસ છે. ભાજપે હંમેશા લોકશાહી મર્યાદામાં રહીને કામ કર્યું છે.

## અવગણના કેમ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આવ્યો છે. સરકારને આ સંદર્ભમાં જવાબ આપવો જોઈએ. તેમના કહેવા મુજબ આર્મી ચીફની નિમણૂંકમાં ત્રણ સિનિયર અધિકારીઓ કરતા પણ તેમને પ્રાથમિકતા કેમ આપવામાં આવી તેવા પ્રશ્ન કર્યા છે. જેડીયુના નેતા કેસી ત્યાગીએ પણ નવા આર્મી ચીફની નિમણૂંકમાં વરિષ્ઠતાનું સન્માન ન કરવા સામે પ્રશ્નો ઉઠાવ્યા છે. તેમનું કહેવું છે કે, નિમણૂંકમાં પારદર્શકતા ખુબ જરૂરી છે. સીપીઆઈ નેતા ડી રાજાએ કહ્યું છે કે, સેનાને કોઈ વિવાદમાં ખેંચવાની બાબત બિલકુલ યોગ્ય નથી પરંતુ સરકારને કહેવાની જરૂર છે કે, વરિષ્ઠતાની અવગણના કરવામાં કેમ આવી. તૃણમુલ કોંગ્રેસે પણ સરકાર પાસેથી સ્પષ્ટીકરણની માંગ કરી છે. બીજી બાજુ ફોર્સના પૂર્વ અધિકારીઓએ સરકારના આ પગલાનો બચાવ કર્યો છે અને કહ્યું છે કે, સેના પ્રમુખની નિમણૂંકને વિવાદમાં ખેંચી કાઢવાની બાબત યોગ્ય નથી. સંરક્ષણ નિષ્ણાત અને સેવા નિવૃત્ત કર્નલ અનિલ કોલે નિમણૂંકને યોગ્ય ઠેરવી છે.

## પાંચમી ટેસ્ટ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

૧૬ ચોગ્ગા અને ત્રણ છગ્ગાની મદદથી આ રન બનાવ્યા હતા જ્યારે પાર્થિવ પટેલ ૭૧ રન કરીને આઉટ થયો હતો. પાર્થિવ પટેલ અને રાહુલે પ્રથમ વિકેટની ભાગીદારીમાં ૧૫૨ રન ઉમેર્યા હતા. ઈંગ્લેન્ડની ટીમ પ્રથમ દાવમાં ૪૭૭ રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. ઈંગ્લેન્ડ તરફથી મોઈનઅલી ૧૪૬ રન કરીને આઉટ થયો હતો. ૧૩ ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી મોઈને આ રન બનાવ્યા હતા. ડાઉસને ૬૬ રન કર્યા હતા. રશીદ ૬૦ રન કરીને આઉટ થયો હતો. ઈંગ્લેન્ડના ૪૭૭ રનના જવાબમાં ભારતે પણ મક્કમ શરૂઆત કરી હતી અને પ્રથમ વિકેટની ભાગીદારીમાં જ ગઈકાલના ૬૦ રનથી આગળ રમતા ૧૫૨ રનની ભાગીદારી પાર્થિવ પટેલ અને રાહુલે નોંધાવી હતી. પાર્થિવ પટેલ ૧૧૨ બોલમાં સાત ચોગ્ગા સાથે ૭૧ રન બનાવીને આઉટ થયો હતો. આ ટેસ્ટ મેચ જંગી જુમલાવાળી બને તેમ માનવામાં આવે છે અને ટેસ્ટ મેચમાં પરિણામની શક્યતા ઓછી દેખાઈ રહી છે.

## કોલસાની આયાત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

૫૦૦ અને ૧૦૦૦ની નોટ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ લિક્વિડીટીની કટોકટી પણ જોવા મળી રહી છે. કોલસાની કિંમતમાં તીવ્ર વધારો જોવા મળી રહ્યો છે. સ્થાનિકરીતે મોટા પ્રમાણમાં ઉપલબ્ધતા હોવા છતાં કોલસાની આયાતને લઈને ચિંતા વ્યક્ત કરતા સરકારે ઓક્ટોબર મહિનામાં જ કહ્યું હતું કે, ૮૦ ટકાથી વધુ સ્થાનિક કોલસા ઉત્પાદન કરનાર કોલ ઈન્ડિયા દ્વારા આગામી છ મહિનામાં સ્વદેશી ફ્યુઅલ સાથે આયાત કરવામાં આવેલા કોલસાના આશરે ૧૫ મિલિયન ટનની આસપાસ સ્વદેશી ફ્યુઅલને આવરી લેશે.

## ઉથલપાથલ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બાદ આગામી સપ્તાહમાં એફઆઈઆઈ દ્વારા વધુ નાણાં પાછા ખેંચી લેવામાં આવનાર છે. છેલ્લા પાંચ કારોબાર સેશનમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા ૨૦૦૦ કરોડના શેર વેચી દેવામાં આવ્યા છે.

ક્રુડ ઓઈલની કિંમતની અસર પણ જોવા મળનાર છે. શુક્રવારના દિવસે ક્રુડની કિંમત ૧૭ મહિનાની ઉંચી સપાટી પર પહોંચી ગઈ હતી. પહેલી જાન્યુઆરીથી તેલ ઉત્પાદન ઘટાડી દેવા ઓપેક દેશો સહમત થયા બાદથી ક્રુડ ઓઈલની કિંમતમાં પાંચ ટકાનો ઉછાળો આવી ચુક્યો છે. ક્રુડ ઓઈલની કિંમત વધશે તો તેની સીધી અસર પેટ્રોલ, ડિઝલની કિંમત, ટાયર, પેઈન્ટસ અને ઉડ્ડયન કંપની પર પણ પડશે. દલાલ સ્ટ્રીટમાં આગામી સપ્તાહમાં માર્કેટની દિશા નક્કી કરવામાં પાંચ પરિબળોની મુખ્ય ભૂમિકા જોવા મળી શકે છે.માર્કેટમાં ઉથલપાથલનો દોર રહી શકે છે.

## બિમારીની ઝપટમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કિડની અને ૧ બાળકને કેન્સરની બિમારી જણાતા તેમને સંદર્ભ સેવા માટે તત્કાલ રિફર કરી દેવામાં આવ્યા છે. જિલ્લાનું બાળપણ કુપોષણને કારણે વિવિધ બિમારીઓમાં સપડાયેલુ જોવા મળી રહ્યું છે તેમ આરોગ્ય તંત્રના સૂત્રોએ સ્વીકાર્યું છે. જિલ્લામાં જે રીતે વિવિધ રોગની નાની મોટી બિમારીથી પિડાતા ૫૦૦ જેટલા બાળકો મળ્યા છે તે પણ તંત્રની ચિંતામાં વધારો કરી રહ્યા છે.

## કાયદો અને કાનૂન ● ૪ પાનાનું ચાલુ...

ઠેરવવામાં આવે છે. ઉમેદવારે મીલ્કતની વિગતો તથા વેરાની વિગતો છુપાવી હોય તો પણ ઉમેદવારી ગેરલાયક ઠરે છે.

તાજેતરમાં તાલુકા પંચાયતની ચૂંટણી નજીકમાં છે જે ચૂંટણીમાં પણ સુપ્રિમ કોર્ટની ગાઈડલાઈન પ્રમાણે ઉમેદવારી પત્રોમાં અધુરી વિગતો, ખોટી શૈક્ષણિક લાયકાતો, બે કરતા વધુ બાળકો, બાકિ વેરા, ઘર આગળ શૈચાલયની સગવડ ના હોવી, ક્રિમીનલ રેકોર્ડ હોવો આવી બાબતો છુપાવી ઉમેદવારી પત્રો ભરવામાં આવતા હોય છે જે ચૂંટણી અધિકારીના ધ્યાનમાં આવતા અગર તો પ્રતિસ્પર્ધી ઉમેદવારે આ બાબતે ચૂંટણી અધિકારીનું ધ્યાન દોરી વાંધા અરજી રજુ કરે તો અધિકારી દ્વારા ખરાઈ કરી આવા ઉમેદવારી પત્રો રદ કરવામાં આવે છે. જાહેર સેવકનું ચરિત્ર, આચરણ, વિચાર, વ્યવહાર શુધ્ધ હોવાની પ્રજા અપેક્ષા રાખે છે. જેમાં પ્રજાની અપેક્ષા મુજબ ઉણા ઉતરતા ઉમેદવારોની માન્યતા રદ કરવાની ચૂંટણી અધિકારીને સત્તા અને અધિકાર આપવામાં આવ્યા છે. બંધારણમાં તથા ચૂંટણી કમિશ્નરશ્રીએ ઘડેલ આચાર સંહિતાનું ફરજીયાત પાલન કરવા જાહેર સેવક બંધાયેલ છે.

અભિવ્યક્તિની આઝાદીના નામે ચૂંટણી ઢંઢેરામાં કોઈ એક ધર્મનો પ્રચાર પ્રસાર કરી ઉમેદવાર મતદાતાને આકર્ષી શકે નહિ તે જ રીતે ઉમેદવારની લાયકાત જાણવાનો મતદાતાને મૌલીક અધિકાર છે તેમજ ધર્મને રાજનિતીથી દૂર રાખવો જોઈએ. ન્યાતી, જાતી કે ધર્મ આધારીત રાજકારણ હોઈ શકે નહિ જે ભારતીય બંધારણની વિસંગત બાબત છે.

## અતિતની આજ ● ૪ પાનાનું ચાલુ...

નિકટતાને કારણે તેમને વાજપેયી અને સોનિયા ગાંધી કને લઈ જઈ તેમને વડા પ્રધાન બનાવવા ટેકો આપવા પ્રેર્યાં હતાં. સ્વામી ક્યારેય એકજ પક્ષમાં સ્થિર રહ્યા નથી.એમને દોસ્તોના દુશ્મન થવાનું કોઠે પડી ગયું છે.

જયલલિતા અને શશિકલાના સંબંધો ય રહસ્યમય રહ્યા છે. જયા અમ્માની વગનો દુરુપયોગ કરીને શશિકલાએ રાજકીય અને આર્થિક વર્ચસ્વ જમાવ્યું હોવાથી બબ્બેવાર જયા અમ્માએ એમને અને તેમનાં સગાંને બહિષ્કૃત કર્યાં હતાં. છતાં હાથેપગે પડીને શશિકલા પાછાં ફર્યાં છે. જયાની ઘણી અંગત બાબતો પણ એ જાણતાં હોવાની મર્યાદા પણ મજબૂત નેતાને નડતી હશે. જોકે જયા અમ્મા પર શશિકલાનો જે પ્રભાવ હતો એને કારણે બહુમતી ધારાસભ્યો પણ શશિકલા થકી જ અમ્માની કૃપા મેળવી શક્યા હતા. સ્વયં પનીરસેલ્વમ પણ શશિકલા સમક્ષ કુરનિશ બજાવે છે.

વડા પ્રધાન મોદી દોસ્તો અને દુશ્મનોને ક્યારેય ભૂલતા નથી. ૨૦૧૨માં મોદીએ જયલલિતાને જાણ કરી હતી કે શશિકલા તેમને ધીમું ઝેર આપીને ખતમ કરવા માગે છે. એ પછી શશિકલાને પોઝ ગાર્ડનમાંથી ઉચાળા ભરાવાયા હતા, છતાં એ પાછાં આવીને પ્રભાવ પાથરી શક્યાં છે. જયા પછી અન્નાદ્રમુક પર શશિકલા છવાઈ જાય એવું મોદી ના ઈચ્છે. એ વ્યૂહના ભાગરૂપે જ ચાર વર્ષ પહેલાંની ઝેર થિયરીની વાતો ખૂબ ચગી રહી છે. જોકે શશિકલા વર્તમાન સંજોગોમાં તો પક્ષ પર છવાઈ ગયાં છે.

તમિળનાડુની દ્રવિડ ચળવળમાં મૂળ વાળંદ જ્ઞાતિના અને લગ્નસંસ્થા કે ધર્મવ્યવસ્થામાં વિશ્વાસ નહીં ધરાવનારા એમ. કરુણાનિધિ તેમજ એમની ત્રણેય પત્નીઓનાં સંતાનો તથા સગાં ફિલ્મ, ધંધા અને રાજનીતિમાં છવાયેલાં રહ્યાં. અન્નાદ્રમુકના સંસ્થાપક એવા એમજીઆર મૂળે મલયાળી બ્રાહ્મણ હોવા છતાં તમિળ ફિલ્મોના સુપરસ્ટાર હોવાને નાતે રાજકારણ પર છવાઈ ગયા. મુખ્યમંત્રી તરીકે એ પણ અમેરિકામાં હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા હતા ત્યારે એમના 'ભરત' નેડુચેળિયન પણ પનીરસેલ્વમની જેમ પાદુકા સ્થાપિત કરીને સરકાર ચલાવતા હતા. એ વર્ષોમાં આ લખનારનું એમને મળવાનું થયું હતું. જયા અમ્મા તમિળ બ્રાહ્મણ ખરાં, પણ એ મહિસૂરમાં એટલે કે કર્ણાટકમાં જન્મેલાં. મૂળે બ્રાહ્મણ વિરોધી એવી દ્રવિડ ચળવળ અંતે બ્રાહ્મણોના હાથમાં આવી ગઈ.

મલયાળી બ્રાહ્મણોમાં દફનની પ્રથા છે. એ મુજબ અને દ્રવિડ ચળવળની નાસ્તિકતાનો સંગમ કરીને એમજીઆરને પણ મરીના બિચ પર દફનાવાયા હતા. જયા અમ્માએ પણ અગાઉથી એમજીઆરની સમાધિ નજીક દફન થવાની ઈચ્છા વ્યક્ત કરી હતી એટલે એમને પણ દફનાવાયાં. એ સ્થળે રાજ્ય સરકાર ૧૫ કરોડ રૂપિયાના ખર્ચે સ્મારક બનાવશે. જોકે આ બધાની વચ્ચે અન્નાદ્રમુકમાં ભંગાણ પાડવામાં 'ચાણક્ય' મોદીની વ્યૂહ રચના કેટલી સફળ થશે એના ભણી સૌની મીટ છે. જયા અમ્મા આરએસએસની સંસ્થા 'હિંદુ મન્નાની' સાથે ઘનિષ્ઠ સંબંધ ધરાવતાં હતાં અને અયોધ્યામાં રામમંદિર નિર્માણ કરવાના મુદ્દે વાજપેયી સરકાર અને ભાજપના સમર્થનમાં હતાં, પણ મોદીને વશ થયાં નહીં હોવાને કારણે વડા પ્રધાન અન્નાદ્રમુકમાં તડાં પડાવે છે કે દ્રમુક એમાં ભાગલા પડાવીને સત્તા મેળવે છે, એ આવતા દિવસોમાં સ્પષ્ટ થઈ જશે.

- haridesai@gmail.com

GUJARAT POWER CORPORATION LTD.

ગુજરાત પાવર કોર્પોરેશન લિમીટેડ
બ્લોક નં. ૬ અને ૮, છઠ્ઠો માળ, ઉદ્યોગ ભવન,
સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૧
ફોન નં. ૨૩૨૫૧૨૫૫-૬૦

**ટૂંકી મુદતની નિવિદા**

ગુજરાત પાવર કોર્પોરેશન, આગામી 'વાઈબ્રન્ટ ગુજરાત-૨૦૧૭, ગાંધીનગર ખાતે તા. ૯/૧/૨૦૧૭થી ૧૩/૧/૨૦૧૭ દરમિયાન એક્ઝીબીશન સ્ટોલ ટર્ન-કી ધોરણે કરાવવા માંગે છે. આ માટેની વિસ્તૃત કામગીરીની વિગત, ટેન્ડર ફી, ઈ.એમ.ડી. વિગેરેની માહિતી જીપીસીએલ વેબસાઈટ્.ૠષ્ઠજ્ઞ.ૠદ્બટ્ટ.ૠદૃ.હ પર ઉપલબ્ધ છે. દરખાસ્ત મોકલવાની આખરી તારીખ : ૨૭/૧૨/૨૦૧૬ છે.

ગુજરાત પાવર કોર્પોરેશન લીમીટેડ વતી
ચીફ પ્રોજેક્ટ ઓફીસર

માહિતી/૨૨૩૩/૧૬-૧૭